

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આતંકી હોળીને વિશ્વ જમાદારો જોયા કરે છે,
નાના ગરીબ દેશો હવે હિંમત ખોયા કરે છે,
રોયા કરે છે સત્તાના સ્વાર્થી વેપારીઓને જોઈ -
ડૂબતી લોકશાહીની નાવ કાંઠથી જોયા કરે છે.
(નિ:સહાય અફઘાની વેદના)

હાઈકુ

છે સ્વાર્થી જગ
કોઈ કોઈનું નથી
શસ્ત્ર બજારે...
(સૈન્ય પાછાં ખેંચ્યાં)

લે તો છે તાલી
ને જૂએ છે તમાસો
ચીની-નાપાક
(મુજ વિતી તુજ વિતશે)

### ચિંતન

**મૌત, મુકદમા ઔર માંદગી, ઔર મંદા વ્યાપાર ।**
**ચારો મમ્મા તબ મિલે જબ રૂઠે કરતાર ॥**

ઉપરોક્ત દોહો સામાન્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

ઈશ્વર-પરમાત્મા રૂઠે, ભગવાનની ખફામરજી થાય ત્યારે મૃત્યુ, માંદગી, કોર્ટ-કજિયા અને માંદો વેપાર આ ચાર મમ્મા મળે છે.

ઈશ્વરની અવકૃપા એટલે પાપકર્મોનાં ફળ - પૂર્વજન્મ કે અત્યારના માનવીય દુષ્ય સ્વભાવના પરિણામ ભોગવવાના થાય જ છે. રામચરિતમાં કહેવાયું છે કે, જ્યારે કર્મફળ મળવાનું હોય ત્યારે સમજુ-શાણા માણસની બુદ્ધિ બહેર મારી જાય છે. અને તેને એવી જ જગ્યાએ લઈ જાય ત્યાં એને કર્મફળ ભોગવવાનું આવે છે પછી પસ્તાવો કરતો માનવી વિચારે છે કે આ મારું ખોટું પગલું હતું.

ભગવાન કંઈ ચાબૂક લઈ ફટકારવા આવતા નથી કે હાથોહાથ ઈનામ બક્ષિસ આપતો નથી. એ આપણને એવા સંજોગોમાં મૂકી દે છે કે જેથી કરીને આપણાં કર્મફળ આપણને મળ્યા જ કરે.

માંદગી - મંદી - મુકદમા જેવા ખરાબ સંજોગો આવે કા આનંદ મંગલના પ્રસંગો આવે ત્યારે ઈશ્વરની અવકૃપા કે કૃપાનાં દર્શન કરતાં શીખવું.

### સુવિચાર

- કિતના અજીબ હૈ... દુનિયા કા દસ્તુર, લોગ ઈતની જલ્દી બાત નહીં માનતે,
  જિતની જલ્દી બુરા માન જાતે હૈ - **મનપ્રિતસિંઘ**
- મીઠા લોકોને મળીને એટલું જાણ્યું કે કડવા લોકો ખરેખર સાચા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાવ સાદા વિચારો જોડે લઈને ચાલો...
  દુનિયા આપોઆપ તમને અનોખા સમજશે !! - **ભૂપત વડોદરિયા**
- સંબંધોને શોધવા લાગણીનો ઉજાસ જોઈએ, અહમ્‌નો અંધકાર નહીં - **જવાહરબક્ષી**
- બે વ્યક્તિઓ મૂર્ખ છે : જે અધર્મમાં ધર્મ સમજે છે,
  બીજો જે ધર્મમાં અધર્મ સમજે છે - **જનકલ્યાણ**
- માણસની ઈચ્છા જ એની અપૂર્ણતા પ્રગટ કરે છે - **ઈમર્સન**
- આજનું ઔષધ : એલચીના ચૂર્ણને આમળાનાં ચૂર્ણ સાથે કે આમળાનાં રસમાં લેવાથી પેશાબની બળતરા દૂર થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામમાં રહેતા સંતને બીજા ગામેથી એક ગરીબ ગોવાલણ દૂધ વેચવા આવતી. પ્રથમ તે સંતને દૂધ આપતી ત્યારબાદ જ ગામનાં બીજા ઘરોમાં દૂધ આપવા જતી હતી. એક દિવસ તેને મોડું થઈ ગયું. સંતે મોડું થવાનું કારણ પૂછ્યું. ગોવાલણે - કહ્યું, 'મહારાજ,આજે હોડી મળતાં વાર લાગી એટલે મોડું થઈ ગયું!' સાધું હસતાં હસતાં મજાકમાં બોલ્યા, 'બેન, લોકો તો ઈશ્વરને નામે સંસારનો સાગર પાર કરી જાય છે અને તને નદી પાર કરવા હોડીની જરૂર પડી? એવું લાગે છે કે તને ભગવાન પર વિશ્વાસ નથી.' સાધુની મજાકની ગોવાલણ પર ઊંડી અસર થઈ. બીજે દિવસે તે થોડી વહેલી સંતને દૂધ આપવા પહોંચી. સાધુને આશ્ચર્ય થયું એમણે પૂછ્યું, 'આજે વહેલી કેવી રીતે આવી ગઈ?' ગોવાલણે કહ્યું, 'મહારાજ, આપની કૃપાથી હોડીની સમસ્યા જ દૂર થઈ ગઈ અને રોડનું હોડીનું ભાડું પણ બચી ગયું. તમારા કહેવા મુજબ ભગવાનનું નામ લઈ ને નદી પાર કરીને આવી ગઈ છું.' સંતને તેણીની વાત પર વિશ્વાસ ન આવ્યો. આથી તેઓ ગોવાલણના પાછા ફરવાના સમયે નદીમાં જવા લાગ્યા. પાણી જયારે ઊંડું થયું ત્યારે સંત ડરીને પાણીમાં પડી ગયા અને બચાવો બચાવોની બૂમો પાડવા લાગ્યા. એ વખતે ગોવાલણે એમને બચાવ્યા. અને કહ્યું, 'મહારાજ, જો તમે તમારા જ ઉદ્દેશ્ય પર અમલ કરીને ભગવાનના નામ પર વિશ્વાસ રાખતા તો મારી જેમ નદી પાર કરી જતા.' સાધુને શરમ આવી. એમણે ગોવાલણનો આભાર માન્યો. સાર એ છે કે શંકા તમને લક્ષ્યથી દૂર લઈ જાય છે અને વિશ્વાસ લાભ આપે છે, પરંતુ શરત એટલી કે તમારો વિશ્વાસ મજબૂત હોવો જોઈએ.

# સાપે છછુંદર ગળી લીધા જેવી સ્થિતિ

**તંત્રીસ્થાનેથી...**

'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' - જેવું બન્યું છે. ભારતમાં કરવા જેવા હજારો કામ બાકી છે. લાખો કરોડો લોકો ગરીબી રેખા નીચે સબડે છે. તે કોરોના સંકટ વખતે આખી દુનિયાએ જોયુ છે. એવા સંજોગોમાં ભારતે વ્યુહાત્મક મોટાઈ દેખાડવા પાકિસ્તાનની પેલે પાર આવેલા મુસ્લિમ રાષ્ટ્ર અફઘાનિસ્તાનના 'વિકાસ' માટે અબજો રુપિયા પાણીની જેમ વેડફી નાખ્યા છે. મોદીજીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવવાની જબરી ધખના રહે છે. એમણે ભારતના પાર્લામેન્ટ હાઉસને ટક્કર મારે એવું પાર્લામેનટ હાઉસ અફઘાનિસ્તાનને બનાવી આપ્યું અને એનું ઉદ્‌ઘાટન પણ કરી આવ્યા ! હવે એ પાર્લામેન્ટ હાઉસમાંથી અફઘાની સાંસદોની અને ત્યાંના રાષ્ટ્રપ્રમુખની હકાલપટ્ટી થી ગઈ છે અને ત્યાં ખૂંખાર તાલિબાનો અડિંગો લગાવીને બેસી ગયા છે. ભારતે અફઘાનિસ્તાન માટે એક વિશાળ સિંચાઈ પરિયોજના પણ શરૂ કરી છે અને વિશાળ ધોરી માર્ગ પણ બનાવી આપ્યો છે. તાલિબાનો ઈચ્છે છે કે ભારત એના અધૂરા પ્રોજેક્ટ પૂરા કરે. જો કે એમને ભારત સાથે વેપારવણજમાં રસ નથી. એમણે અફઘાનિસ્તાન પર કબજો જમાવતાં વેંત આયાત-નિકાત પર પ્રતિબંધ મૂકી દીધો છે. ભારતને ગરજ હોય તો તાલિબાન શાસનને માન્યતા આપે, બાકી દુનિયાની બીજા નંબરની મહાસત્તાઓ ચીન અને રશિયાનું તથા પાડોશી મુલ્ક પાકિસ્તાને તો એમને સમર્થન આપી જ દીધું છે. ભારત માટે અબજોનું આધણ માથે પડે એવી સ્થિતિ સરજાઈ છે કારણ કે ગમે તેટલું 'વહાલોચું' લગાડ્યા છતાં 'ઈસ્લામિક અમીરાત' તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરનાર તાલિબાન વીસ વર્ષ સુધીના એના પૂર્વ શાસકો જેવા મીઠા સંબંધ ભારત સાથે સપનામાં પણ કેળવી શકે એમ નથી. ઊલટાનું એ પાકિસ્તાની આતંકવાદી જૂથોને વધુ સુસજ્જ કરી કાશ્મીર ઘાટીમાં ધકેલતું રહેશે. તાલિબાન નેતાએ સ્પષ્ટ ભાષામાં કહ્યું છે કે આરી પાસે પશ્ચિમી ઢબની લોકશાહીની આશા ભૂલથી પણ રાખશો નહીં. અમે તો શરિયા મુજબ ચાલીશું અને સ્ત્રીઓને પણ શરિયાના નિયમો અનુસાર જ કામ કરવાની કે બહાર નીકળવાની છૂટ અપાશે. અમેરિકા રશિયા કે બ્રિટનને કયારે નહીં ગાંઠેલું આ ઈસ્લામિક રાષ્ટ્ર એશિયાના 'ચોરાહા' તરીકે ઓળખાય છે. એથી એનું વ્યૂહાત્મક મહત્ત્વ ઘણું છે. વળી એની ધરતીમાં અખૂટ ખનિજ ભંડારો છે, જેના પર ચીનનો ડોળો છે. અમેરિકા અને નાટોની સેનાઓને નાઈન-ઈલવેન વાળી ટ્વિન ટાવર્સની ઘટના પછી તાલિબાનને મારી હટાવી નેછેલ્લા બે દાયકા દરમિયાન અફઘાનિસ્તાનને આધુનિકતાના રંગે રંગ્યું હતું. જો બાઈડેને જેવી સેના પાછી બોલાવી કે તાલબાનોએ પળનોય વિલંબ કર્યા વગર આખા દેશ પર કબજો કરી લીધો છે. નાનકડા પંજશીર પ્રાંતનો કબજો હજી બીજા કબીલાઓના હસ્તક છે પણ તાલિબાનો એના પર પણ હુમલો કરીને તેને તાબે કરીને જંપશે. ત્યારે આખી દુનિયા માટે ભયજનક અને ભારત માટે તા પાડોશી પાકિસ્તાન તથા ચીનના ખોળે બેઠેલ હોઈ સવિશેષ ચિંતાજનક સ્થિતિ પેદા કરનાર આ તાલિબાન સાથે કેવી રીતે કામ પાડવું તે પેચીદો પ્રશ્ન બની ગયો છે. એની સાથે કેવી રીતે નિપટવું એ પશ્ચિમી રાષ્ટ્રો માટે પણ મોટી સમસ્યા બની ગઈ છે. બ્રિટીશ વડાપ્રધાને 'જી-૭' તરીકે ઓળખાતા શક્તિશાળી દેશોની બેઠક બોલાવી છે. ભારત એનો 'ભાગ' નથી, પણ બધા જાણે છે કે તાલિબાન એની જાત પર જશે તો ભારત એનો 'ભોગ' જરૂર બનવાનું છે. ભારત તાલિબાન સાથે 'થોભો અને રાહ જુઓ'ની વ્યૂહરચના અપનાવી હાલ તો ત્યાં ફસાયેલા પોતાના નાગરિકો તથા લઘુમતી સમુદાયો (હિંદુ-શીખો)ને સલામત રીતે દેશમાં ખેંચી લાવવનો પુરુષાર્થ કરી રહ્યું છે. મોદીજીની આંતરરાષ્ટ્રીય નેતાગીરી તાલિબાનો આગળ ચાલી શકે એમ નથી!

# વસુદેવ સુતં દેવં કંસ ચાણુરમર્દનમ્, દેવકી પરમાનંદં કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્



અજવાળું - અજવાળું
તુષાર જોશી

યત: કૃષ્ણ સ્તત :
સર્વે યત: કૃષ્ણસ્તતો જય :
જયાં કૃષ્ણ છે ત્યાં જ બધું છે.

ભગવાન શ્રી કૃષ્ણ, પૂર્ણ પુરુષોત્તમ, અંતર્યામી, સૌ જીવોની અંતિમ ગતિ. એના સ્મરણમાં જીવવું ગમે, ને મૃત્યુ સમયે પણ એનું જ સ્મરણ હોય એવી પ્રાર્થના સતત મનમાં રમ્યા કરે.

હે ગોવિંદ, હે ગોપાલ.... હૃદયથી પોકાર થાય અને એ મનમોહન આવે જ, ભક્તની મુશ્કેલીઓ દૂર કરે જ. શ્રી કૃષ્ણએ માનવ માત્રના હૃદયમાં પ્રેમ અને આનંદની સ્થાપના કરી છે, એમ કહો કે આ બંને અનુભૂતિના રુપે આપણા હૃદયમાં એ જ બિરાજે છે. શ્રીકૃષ્ણ પ્રાચીન પણ છે ને અર્વાચીન પણ છે, સરળ પણ છે ને રહસ્યમયી પણ છે, નટખટ છે તો દુષ્ટોના સંહારક પણ છે, ગીતાના ઉદ્‌ગાતા છે ને યોગક્ષેમનું વચન આપનાર પણ છે.

વસુદેવ સુતં દેવં
કંસ ચાણુરમર્દનમ્,
દેવકી પરમાનંદં
કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્ ॥

શ્રી કૃષ્ણ જગતગુરુ છે. હવે પ્રશ્ન થાય કે ગુરુ કોણ ? તો શ્લોક ઉત્તર છે.

ગૂર્વતિ ઉદયગચ્છિ સ ગુરુ:

અર્થાત્, જે શિષ્યને સંસાર સાગરથી પાર ઉતારે તે ગુરુ. શ્રીકૃષ્ણે અર્જુનને ભગવદ્ ગીતા કહી છે. મારી ને તમારી અંદર પણ અર્જુન અને એના પ્રશ્નો જીવે છે અને એ અર્થમાં અર્જુનના જ નહિ પરંતુ શ્રીકૃષ્ણ મારા ને તમારા પર ગુરુ છે. અર્જુન શ્રીકૃષ્ણનો મિત્ર છે, એ શરણે નથી જતો ત્યાં સુધી કૃષ્ણ એને એક શબ્દ પણ નથી કહેતા. આખી ગીતા સંભળાવે છે ને પછી કહે છે, યથેચ્છતિ તથા કુરુ.... હવે તને યોગ્ય લાગે તે કર... ત્યાં સુધીમાં અર્જુનની અવસ્થા એવી આવી જાય છે કે સ્વતંત્ર નિર્ણય - યોગ્ય નિર્ણય લેવાની સ્થિતિમાં હોય. અજ્ઞાન, ભ્રાન્તિ, સંસારની માયા, બધું જ દૂર કરે છે શ્રી કૃષ્ણ.

શ્રીકૃષ્ણ યુવાનો માટે કર્મયોગનો પાંચજન્ય, ઘોષ બનીને સર્વકાલમાં ઉભા છે તો શિશુઓ માટે બાલકૃષ્ણ થઈને ઊભા છે. શ્રીકૃષ્ણની સમીપ પાંડવો રહ્યા ત્યારે એમનું હિત થયું છે - રક્ષણ થયું છે ને દૂર ગયા છે ત્યારે કોઈ ને કોઈ મુશ્કેલી આવી છે. શ્રીકૃષ્ણ પાંડવોને નિમિત્ત બનાવીને એક અર્થમાં ધર્મની સંસ્થાપના કરી છે.

કૃષ્ણનો -એના પ્રેમનો જાદુ ગણો કે એના પ્રેમનું સામ્રાજય ગણો, વૃંદાવનમાં એવું છવાયું કે આજે પાંચ હજાર વર્ષ પછી પણ એના સંવેદનો એ ભૂમિ પર ભક્તને અનુભવાય છે. એક અજ્ઞાત કવયિત્રીનો સવૈયો છે, એમાં ગોપીભાવ અત્યંત મનોહારી રુપે પ્રગટ થયો છે.

ધર તજૌ, બન તજૌ,
નાગરનગર તજૌ
બંસી બટ તટ તજૌ
કાહુ પૈ ન લજિહોં
કહૈયા - સુનૈયા તજો
બાપ ઔર ભૈયા તજો
દૈયા તજો મૈયા
યે કન્હૈયા નહિં તજો હો.

જ્ઞાનીને - યોગીને - રસિકને - ભક્તિને - કવિને - કલાકારને - બાળકને - વૃદ્ધને - બહુ લાંબી યાદી થાય... બધાને કૃષ્ણ પોતાના જ લાગ્યા છે.

શ્રી કૃષ્ણ એટલે સ્વયમ બ્રહ્મ, સ્વયં આત્મા, સ્વયં અનાત્મ, પૂર્ણાવતાર.... પ્રેમ અને આનંદ સ્વરુપ શ્રી કૃષ્ણને હૃદયમાં બિરાજીત કરીએ, પળ પળ પ્રેમથી પ્રસન્ન રહીએ. આવું જયારે જયારે અનુભવાય ત્યારે ત્યારે કૃષ્ણ તત્વના અજવાળા રેલાય છે.




# ચાર આશ્રમ....



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

(ગતાંકથી આગળ....)

વિવાહસૂક્તમાં વધૂને અઘોરચક્ષુ અને શિવા, સુમમના અને તેજસ્વી, વીરપ્રસૂ અને શ્રદ્ધાળુ એવાં વિશેષણો આપવામાં આવ્યાં છે. અઘોરચક્ષુ વિશેષણ વધુ અને વર બંનેએ ધ્યાનમાં લેવા જેવું છે. એકબીજાની દૃષ્ટિ પ્રેમાળ રહે, ભાયવહ અને ક્રૂર નહીં.

લગ્ન એટલે કેવળ બાહ્ય લગ્ન નહીં, હૃદયનાં લગ્ન. લગ્નમાં વધૂએ વરને માળા પહેરાવવી, વરે વધૂને માલા પહેરાવવી. આનો અર્થ છે એકબીજાનાં નિર્મળ હૃદયપુષ્પો એકબીજાને અર્પણ કરવાં. અગ્નિ ફરતે સાત પગલાં ચાલવાં એટલે જનમોજનમ સાથે ચાલવું, સહકાર્ય કરવું. પતિ-પત્ની સુખમાં કે દુ:ખમાં હંમેશાં સાથે રહેશે, સાથે ચઢશે, સાથે પડશે. લગ્નવિધિમાં પતિ-પત્નીની આસપાસ સૂતર વીંટવાનો પણ વિધિ હોય છે. એ વિધિનો અર્થ એ કે પતિ-પત્નીનો જીવનપટ હવે ભેગો જ વણાવાનો છે. તાણા ને વાણા ભેગા થવાના છે. હવે પૃથક કશું નથી, અલગ અલગ કશું નથી.

દેહ પર પ્રેમ હોવાથી સાચો પ્રેમ જન્મતો નથી. કાલે દેહ રોગથી કદરૂપો થાય તો ? આપણે દેહથી પ્રારંભ કરીએ પણ દેહાતીત થઈએ. દેહની અંદર રહેલા આત્માને ઓળખીને માણસ આંગણામાંથી ઓસરી પર આવે છે, વચ્ચેના ઓરડામાં આવે છે અને પછી પૂજાની ઓરડીમાં જાય છે. તે પ્રમાણે વધૂ-વરે અંતે તો પોતપોતાની હૃદયરૂપ પૂજાની ઓરડીમાં પ્રવેશ કરવો જોઈ. માત્ર મારા દેહની પૂજા કરનારો પતિ મારું અપમાન કરે છે એમ સ્ત્રીને લાગવું જોઈએ. મનુષ્ય દેહ એટલે કંઈ માટીનો ગોળો નથી. પતિ-પત્નીએ પરસ્પરને માટીનાં, માંસના ગોળ ન સમજવા જોઈએ. આ માટીની અંદર જે ઉદાત્તતા છે, ઊર્ધ્વ ગતિ કરવાની જે શક્તિ છે તેની પર પતિ-પત્નીએ પરસ્પર ધ્યાન આપવું જોઈએ. પતિને જોતાં જ પતિની અંદર રહેલી દિવ્યતા પત્નીને દેખાવી જોઈએ. પત્નીને જોતાં જ પતિને દેવી લાવવી જોઈએ. ભોગ ભોગવાતાં ભોગવતાં એક દિવસ વિરક્ત થવાનું. આત્મા સાથે આત્માને જોડવાનો.

દીવાના કાચનું મહત્ત્વ અંદરની જ્યોતને કારણે છે. આપણે એ જ્યોતના ઉપાસક થવું જોઈએ. જ્યાં સુધી આત્માની મહાનતા સમજાતી નથી ત્યાં સુધી પ્રેમ સાચો ન ગણાય. પત્નીના આત્માની મહત્તા સમજાતાં જ પતિ તેને જ્ઞાન આપશે, ધ્યેય આપશે. ઢીંગલીને સજાવે તેમ તે પત્નીને વસ્ત્રાંલંકારોથી સજાવતો બેસી નહીં રહે. એ જ પ્રમાણે જે દિવસે પત્નીમાં રહેલી દિવ્યતા પતિને દેખાશે તે દિવસથી એ પતિને ગમે તેમ વર્તવા દેશે નહીં, ગમે તે માર્ગે પૈસો મેળવવાનું કામ કરવા દેશે નહીં.

આ રીતે ગૃહાસ્થાશ્રમમાં પવિત્રતા લાવવાની. એકબીજાને સાચવતાં ક્યારેક પ્રેમથી તો ક્યારેક ગુસ્સાથી એકબીજા સાથે કામ કરતાં પાડતાં ઉપરને ઉપર જવાનું. અંતે પતિ-પત્નીએ ભાઈબહેન જેવાં થવાનું. આસક્તિમય પ્રેમમાંથી છેવટે અસક્ત પ્રેમનું સર્જન કરવાનું. કાદવમાંથી કમળ ખીલવવાનાં. સંસારમાં જ મોક્ષશ્રીનું સર્જન કરવાનું.

ભારતીય સંસ્કૃતિમાં ગૃહસ્થાશ્રમ મોક્ષ તરફ જવાનો એક માર્ગ છે. એ પગથિયું છે. કાયમ માટે ત્યાં જ રહેવાનું નહીં. ગૃહસ્થાશ્રમમાં રહીને, વાસનાવિકાર શાંત કરીને જુદા જુદા ત્યાગના પાઠ ભણતાં છેવટે આ નાનકડાં સંસારમાંથી એક દિવસ મોટા સંસારમાં જવાનું છે.

ગૃહસ્થાશ્રમ એ પણ એક આશ્રમ જ છે. ત્યાં પણ આશ્રમનું જ પાવિત્ર્ય હોવું જોઈએ. પતિ-પત્ની, બાળબચ્ચાંનો આ આશ્રમ છે. બધાંએ સહકાર્ય કરવાનું, પ્રેમથી રહેવાનું. ધ્યેયથી પૂજા કરવાની. કુલપરંપાર જેવું પણ કંઈક હોય છે. એ કુલપંરપરાને મરવા ન દેવી એ એક કામ હોય છે. ?રઘુવંશ'માં એક જગ્યાએ રામ સીતાને વિમાનમાંથઈ ધરતી પરનાં સ્થલો બતાવે છે એવો એક પ્રસંગ છે. એક તપોવન તરફ આંગળી ચીંધીને રામ કહે છે : ''અહીં એક આદર્શ ઋષિ રહેતા હતા. જે કોઈ આવે એનું એ અંત:કરણપૂર્વક આદરાતિથ્ય કરતા. પણ એ ઋષિને સંતાન ન હતું. એ ઋષિનું અવસાન થયું. પરંતુ એ ઋષિએ શરૂ કરેલું આદરાતિથ્યનુંવ્રત તપોવનની અંદરના આ વૃક્ષો કરતાં રહે છે. જે કોઈ આવે તેને ફળ-ફૂલ-છાંયડો આપે છે.'' આ રીતે કુળની પરંપારા ચલાવવાની હોય છે. મારા કુલમાં કોઈ ખોટું બોલશે નહીં, મારા કુળમાં કોઈ ચોરી કરશે નહીં, અતિથિને નકાર મળશે નહીં, આવા પ્રકારની વિશિષ્ટ પ્રથા કુળોમાં હોય છે.

કુળપરંપરા માટે સર્વસ્વનો ત્યાગ કરવો પડે તો એ પણ કરવાનો હોય ચે. હરિશ્ચન્દ્રે સર્વસ્વ ગુમાવ્યું. શ્રિયાળ અને ચાંગુણઆએ દીકરો અર્પણ કર્યો. કુટુંબમાં જાણે એક દેવ, એના માટે કુટુંબના સહુ સભ્યૌ તૈયાર હોય છે. હરિશ્ચન્દ્ર ઊપડતાંની સાથે જ તારામતી એની પાછ્ળ જાય છે. હરિશ્ચન્દ્ર — તારામતીની પાછળ નાનકડો રહિદાસ દોડે છે. રહિદાસને એનાં માબાપ ના પાડતાં નથી. ''તું નાનો છે શા માટે કષ્ટ વેઠવા આવે છે ?'' — એમ કહેતાં નતી. તેઓ પોતાના બાળકને પોતાની જ પરંપરા પ્રમાણે તૈયાર કરવા માંગે છે. પોતાના દૃષ્ટાંત દ્વારા પોતાના સંતાનોને ધ્યેયપૂજા શીખવવાની હોય છે.

આવા ગૃહસ્થાશ્રમો આજે ક્યાં છે ? પતિ કેદમાં જતો હોય તો પત્ની તેની સાથે જતી નથી. રાષ્ટ્રમાં જે વિચારો ઉત્પન્ન થાય છે તેનું ઘરમાં પુનરાવર્તન થતું નથી, તે ઘરમાં ઘૂંટવામાં આવતું નથી. પતિ એ પત્નીનો ગુરુ. કન્યાના ઉપનયન સંસ્કારર બંધ થયા. પતિ એ જ ગુરુ એમ નક્કી થયું. પણ શું આ પતિ ગુરુનું કામ કરે છે ખરો ? જ્ઞાનદાન-વિચારદાન કરે છે ખરો ?આજુબાજુની દુનિયાનું જ્ઞાન પત્નીને કરાવે છે ખરો ?

મનુષ્યનું ધ્યેય છે અર્ધનારીનટેશ્વર. પુરુષ કઠોર હોય છે, સ્ત્રી મૃદુ હોય છે. પુરુષ પત્ની પાસેથી મૂદતા શીખવાની. સ્ત્રીએ પતિ પાસેથી કઠોર થવાનું શીખવાનું. પ્રસંગ આવ્યે મીણથી પણ પોચાં અને વજ્રથી પણ કઠોર થતાં આવડવું જોઈએ. કેવળ પુરુષ અપૂર્ણ છે, કેવળ સ્ત્રી અપૂર્ણ છે. બંનેના ગુણોના મિલમાં પૂર્ણતા છે. ગૃહસ્થાશ્રમ એટલે પતિ-પત્ની માટે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેના શિક્ષણની શાળા. સર્વાંગી વિકાસ સાધવાનું સ્થાન, હૃદયના અને બુદ્ધિના ગુણ શીખવાની જગ્યા. ઉત્તમ બાળકોનું સર્જન કરીને સમાજને આપવાનું મહત્ત્વનું કામ માબાપ કરવાનું હોય છે. પણ બાળકો સારાં થાય તે માટે પોતે સારા રહેવું પડે. વાણીથી, વિચારથી, આચારથી સારા રહેવાનું. આપણાં સંતાનો સારાં થાય એમ માનનારાં માબાપે ખૂબ સભાનતાપૂર્વક વર્તવું. જોઈએ. પ્રેમ, કર્તવ્ય, સહકાર્ય પ્રત્યક્ષ દેખાવાં જોઈ. સંતાનો જો દરરોજ માબાપના ઝઘડા જ જોસે તો તેમની પર કેવી અનિષ્ટ અસર પડે ! માબાપ જો આળસુ અને વિલાસી હશે તો બાળકો પણ એવાં જ બનશે.

માબાપે એ જોવું જોઈએ કે એમનાં સંતાનોનાં શરીર મજબૂત, મન વિશુદ્ધ અને ઉદાર તેમજ બુદ્ધિ વિશાળ અને નિર્મળ બને. આપણે જે સમયમાં જીવીએ છીએ તે સમનો ખ્યાલ સંતાનોને આપવો જોઈએ. બાળકોને જમતાં જમતાં, હસતાં હસતાં ઈતિહાસનું જ્ઞાન આપવું જોઈએ. વીસમી સદીનાં બાળકો ''બિલાડી આડી ઊતરે તો કામ ન થાય'' એવા ખ્યાલોમાં ભરાઈ ન પડે એવું કરવું જોઈએ મારા એક મિત્ર છે. તેમણે એકવાર કહ્યું, ''મારાં બાળકોની હાજરીમાં જો કોઈ આવું બોલે તો મને ચીડ ચઢે છે. આવા સંસ્કારો બાળપણમાં અમારા મન પર થયા, પણ અમારાં બાળકોના મન પર આવા પછાતપણાંના સંસ્કાર ન થવા જોઈએ.'' બાળકોના મનના ઘડતર વિશે કેટલી ચિંતા !

(ક્રમશ:)

- jayuoza@gmail.com, Mo.9898046488


# ગુગલ ગુરૂ ઉપર ગુજરાતીમાં 'ચંદ્રકાંત બક્ષી' લખો એટલે ઘડીના છઠ્ઠા ભાગમાં એક લાખ ઓપ્શન ખુલે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'મારી સાથે દુશ્મની કરવાની લાલાઈત પુરુષોની કમી નથી. વિશેષત: ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વમાં પણ દુશ્મન બનવાનું માન હું મગતરાઓને આપતો નથી. દુશ્મનીને હું દોસ્તી જેટલી જ ઊંચી પીઠિકા ઉપર મૂકું છું. મારા દુશ્મન બનવા માટે બૌદ્ધિક કક્ષા મારા જેટલી હોય એ અનિવાર્ય શરત છે. મને પ્રેમ કરો કે નફરત કરો, જે કંઈપણ કરો પણ દિલ ફાડીને કરો ! મારા માટે દોસ્તી અને દુશ્મની મહત્વના નથી. મારા માટે મહત્વના શબ્દો છે. 'દિલ ફાડીને !'





આવી ખુમારી અને મારફાડ ભાષા ગુજરાતી ભડવીર લેખક, ચિંતક, વિચારક અને વકતા ચંદ્રકાંત કેશવલાલ બક્ષીની જ હોય. બક્ષીબાબુના નામે વિશ્વમાં પ્રસિદ્ધ એવા આ લેખક વિશે હકીકત તો એ છે કે, આજે ગુગલ ઉપર ગુજરાતીમાં માત્ર બે શબ્દ 'ચંદ્રકાંત બક્ષી' લખો એટલે સેકંડના ૬૦મા ભાગમાં ૧ લાખ ૨૦ હજાર સાઈટ્સના ઓપ્શન ગુગલ ગુરૂ આપી દે છે. કોઈપણ લેખક કે સાહિત્યકારને ઈર્ષ્યા આવે એવી આ વાત છે. બક્ષીબાબુના નામથી આગળ વધીને એમનુ સર્જન 'પેરાલીસીસ કૃતિલ્ગ ગુગલ ઉપર લખવામાં આવે તો ૪૦ હજાર ઉપરાંત સાઈટ્સના એડ્રેસ મળે છે. બક્ષીબાબુના ૯૦મા હેપ્પીવાલા બર્થ-ડે આ મહિનાની ૨૦ ઓગસ્ટે ગયો.

આજની તારીખમાં ખુબ વંચાતા જય વસાવડાએ બક્ષીબાબુને જન્મદિને ટ્રીબ્યુટ આપતા FB પોસ્ટમાં લખ્યું કે, 'બક્ષી એટલે બક્ષી. એ ગરૂડ બાકી બધા પક્ષી. નંબર વન એન્ડ ઓનલી. એન ઈન્સ્પિરેશન ફોર હોલ જેનરેશન...' પાલનપુરની શેરીઓમાં બાળ બક્ષીની પાપા પગલીઓ પડી. ત્યારનું કલકત્તા આજનું કોલકતામાં બક્ષીની યુવાની આળસ મરડીને બેઠી થઈ અને મુંબઈમાં ઢળતી યુવાની બાદ અમદાવાદના આંગણે જીવનનો આખરી પડાવ એમણે પસાર કર્યો. પણ આ તમામ દોરમાં બક્ષીબાબુનો દમામ તો રાજાશાહીનો જ ! એમા તસુભાર પણ ફરક જોવા ન મળે. આમ તો સેવા નિવૃત્ત સરકારી અફસર છે પણ મને સર્જક મિત્ર કહેવું વધુ ગમે છે એવા રમેશ ઠક્કરે બક્ષીબાબુ માટે હમણા લખ્યું છે કે, એમની કૃતિ 'લીલી નસોમાં પાનખર'નો નાયક એના પૈતૃક ઘર શોધે છે. ગજબનું સંવેદન આલેખાયું છે. ચંદ્રકાંત બક્ષીના ઘરની મુલાકાત એ પણ એક સાંજની મુલાકાતથી કમ નથી.'

બક્ષીબાબુના લખાણમાં હંમેશા મોર્ડન ટચ અને તાજગીસભર શબ્દોની સુવાસ લાગે. એમના લખાણમાં ગુજરાતી, ઉર્દુ, હિન્દી અને અંગ્રેજીનું અદભુત સંમિશ્રણ જોવા મળે. બક્ષીના તેજાબી શબ્દો અને તીક્ષ્ણ વિચારોએ એમને હંમેશ વિવાદમાં રાખ્યા છે. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીરભાઈ ચૌધરીએ 'મિસીંગ બક્ષી'ના પાના નં. ૧૭૯ બક્ષીબાબુના વિવાદોને લઈને લખે છે કે, 'વાંચકોને કદાચ વિવાદાસ્પદ લેખકોમાં વધુ રસ પડતો હશે.' આમ જોવા જઈએ તો બક્ષી મુળત: વિવાદાસ્પદ સ્વભાવ ધરાવતા હોય એમ લાગે. સમગ્ર મામલો થાળે પડી ગયો હોય. કોઈ પ્રશ્ન ન હોય અને શાંત વાતાવરણમાં પણ બક્ષી આસાનીથી વિવાદને તર્કબદ્ધ રીતે વહેતો કરવાની ક્ષમતા ધરાવતા.

બક્ષીબાબુની બીજી એક અવિસ્મરણીય લાક્ષણિકતા ફાઈટીંગ સ્પીરીટની છે. હાર એમણે ક્યારેય માની નથી. એમ લાગે કે, માર મંજૂર પણ હાર કદી મંજૂર નહીં એમનું સુત્ર અને મંત્ર હોવો જોઈએ. બક્ષીબાબુએ ૨૬ જેટલી નવલકથા લખી છે. ૫૮ વર્ષ પહેલાં વર્ષ ૧૯૬૩માં 'આકાર' નવલકથાથી બક્ષીબાબુ ફેમસ થયા. જો કે બક્ષી સ્વયં સ્વીકારે છે કે નવલકથા કરતાં નવલિકાએ એમને વધારે નેમ અને ફેમ આપી છે.

જ્યારે એમને એક કાર્યક્રમમાં વકતા તરીકે નિમંત્રિત કર્યા ત્યારે આ લખનારને બક્ષીબાબુના તેવરનો પ્રત્યક્ષ પરિચય પહેલ વહેલો ત્યારે થયો. એક વાત તો નક્કી હતી વક્તવ્ય તો બક્ષીબાબુનું જ રાખવું છે. એટલે સમય સુનિશ્ચિત કરી એમને મિત્ર દાવે નિમંત્રિત કરી દીધી. બક્ષીબાબુએ એમના આગવા અંદાજમાં દોઢ કલાક ધુંઆધાર વક્તવ્ય આપ્યું. પછી જ્યારે વિદાય વેળા આવી ત્યારે એમનો આભાર માની પુરસ્કારનું કવર એમના હાથમાં મૂક્યું. બક્ષીબાબુએ પાંચ માણસની હાજરીમાં પૂછ્યું 'કેટલા છે ?' મેં કહ્યું 'આટલા છે.' બક્ષીબાબુએ કવર પાછુ આપતા કહ્યું, 'મારા એક કલાકના વક્તવ્યની કિંમત આટલી લઉં છું. મિત્ર તરીકે એમને એમ કલાકો વાતો કરીશું પણ મારી કિંમત હું જ બગાડું એ કેમ ચાલે ?'

આવી એમની ખુમારી. એક તરફ આવા એટિટ્યૂડને સલામ મારવાની ઈચ્છા થાય અને બીજી બાજુ બજેટ ખોરવાય એની ચિંતા પણ થાય. ખેર પ્રસંગ હેમખેમ પૂરો થયો અને મૈત્રી પણ જળવાઈ રહી એનો આનંદ. એમના પુસ્તકો એક ઉપર એક મૂકવામાં આવે તો પાંચ ફુટ જેટલી હાઈટના બક્ષીબાબુના કદ કરતાં એ ઢગલો ઊંચો થઈ જાય. સંદેશ દૈનિકમાં 'પિકનીક', ગુજરાત સમાચારમાં 'વાતાયન' અને 'સ્પીડ બ્રેકર', જન્મભૂમિ પ્રવાસીમાં સિમ્પોઝિયમ, સમકાલિન, સમભાવ, અભિયાન, દિવ્યભાસ્કર જેવા અખબારો અને મેગેઝીનના પાને બક્ષીબાબુની કોલમોની લોકો આતુરતાથી રાહ જોતા. ઈતિહાસ, જ્ઞાન-વિજ્ઞાન, પત્રકારત્વ, રમતગમત, યુવાનો માટે સપ્રેમ શ્રેણી, ચાણક્ય ગ્રંથમાળા, વાતાયન, નમસ્કાર, રાજકારણ, પ્રવાસ જેવા અનેક વિષયો ઉપર બક્ષીબાબુએ ખેડાણ કર્યું છે.

ચિંતક, લેખક, પ્રોફેસર, એકબી મિત્ર ડૉ. માસુંગ દોસ્ત એમની એક પોસ્ટમાં બક્ષીબાબુ માટે લખે છે કે, પાલનપુરના વિદ્યા મંદિરમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૧ મા જ્ઞાન સત્રમાં સંસ્થાના વડા શિરીષ મોદીએ કહ્યું કે, 'ગાંધીજી પછી ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ લખનારા ચંદ્રકાંત બક્ષી હતા.' જો કે ડૉ. માસુંગ સ્પષ્ટતા કરતા લખે છે કે, આ અંગેના કોઈ ચોક્કસ અને નક્કર આધારા પુરાવા ઉપલબ્ધ નથી.

સો વાતની એક વાત એ છે કે, બક્ષીનો 'ડાઈહાર્ડ' ચાહક વર્ગ છે. કોઈ ફિલ્મી સિતારા કે સુપરસ્ટારની જેમ ગુજરાતના આ શેરદિલ લેખકના લાખો 'ફેન ફોલોઅર્સ' છે. આજે પણ બક્ષીના વિચારો અને ગદ્યાંશો વોટ્સએપ અને ફેસબુક વોલ ઉપર એમના વિશાળ ફેન ફોલોઅર્સ રોજે રોજ મૂકતા આનંદ અને ગૌરવ અનુભવે છે. બક્ષી અને ઓશોમાં એક સમાનતા છે. બંને મેઘાવી યાદશક્તિ ધરાવતા અને બન્ને તેમના વિચારો બેબાક રીતે ધારદાર શૈલીમાં પ્રસ્તુત કરતા ક્યારેય ન ખચકાતા. આ લખનારા સહિત અનેક લોકો બક્ષીબાબુ અને ઓશોને તેમના આદર્શ માનતા હશે. એમની પાસેથી ઘણું શીખ્યા અને શીખતા હશે. બક્ષીબાબુ જેવા ચિંતક, લેખક, વકતા ગુજરાતની આગવી ઓળખ છે. વર્ષ ૨૦૦૬માં હાર્ટએટેક આવતા બક્ષીબાબુ દુનિયાને અલવીદા કહીને ચાલી નીકળ્યા.

છેલ્લે એક વાતનો ઉલ્લેખ કરવો રહ્યો કે બક્ષી બાબુએ અનેક અવનવા શબ્દો ગુજરાતી ભાષાને આપ્યા છે. સુરતના લેબ ટેકનિશિયન મોલિકા દેરાસરીએ બક્ષીબાબુના પુસ્તકોનો અભ્યાસ કરીને પાંચ હજારથી વધુ નવા શબ્દો તારવ્યા છે. શ્રીમતી દેરાસરી નોંધે છે કે, ભયંકર પ્રેમ, દિલફાડીને વગેરે શબ્દો બક્ષીબાબુએ આપ્યા છે. શ્રીમતી દેરાસરીનું આ અંગેનું પુસ્તક ''શ્રી ચંદ્રકાંત બક્ષી શબ્દોનો રોમાંસ'' ટૂંક સમયમાં પ્રકાશિત થવા જઈ રહ્યું છે એવા સમાચાર મળે છે. કેટ્લાય બક્ષીલવર્સ ફેસબુક પેજ અને વેબસાઈટ ઉપર બક્ષીબાબુને જીવંત રાખી રહ્યાં છે. 'એની વેયઝ... બક્ષીબાબુ, યુ વીલ બી ઓલવેયઝ લીવ ઈન ધ હાર્ટ્સ ઓફ ગુજરાતીસ...'

**ધબકાર :**

લખવું એ રોટી પકવવા જેવી, ચુંબન કરવા જેવી, તરવા જેવી, ઘોડેસવારી કરવા જેવી, રડવા જેવી જ ક્રિયા છે. એમાં ઉસ્તાદની જરૂર નથી. એમાં તમારે સ્વયં બળવું પડે છે, અને સ્વયં ડૂબવું પડે છે.

**- ચંદ્રકાંત બક્ષી**